# <u>વસંત પંચમીના પર્વ અને સરસ્વતી દેવીજીના પૂજનનો અહેવાલ</u>

વસંત પંચમીના પર્વ અને સરસ્વતી દેવીજીના પૂજનના પાવન પર્વ નિમિત્તે  ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી અંતર્ગત Extension Activity Cell દ્વારા તા.05/02/2022 ને શનિવારના રોજ સવારે 11:30 કલાકે ગ્રંથાલય વિભાગમાં આયોજન કરેલ. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય, તમામ નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓ હાજર રહ્યાં હતાં. સૌ પ્રથમ વસંત પંચમીના પાવન પર્વ નિમિત્તે યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીના પાવન હસ્તે  સરસ્વતી દેવીજીનું પૂજન કરવામાં આવ્યું અને તેમને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ કા. કુલસચિવશ્રી અને દરેક નિયામકશ્રીઓ દ્વારા પણ સરસ્વતી દેવીજીનું પૂજન અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીએ આ પાવન પર્વ નિમિત્તે પોતાના વક્તવ્યમાં જીવનમાં આ પર્વનું તેમજ સરસ્વતી દેવીજીની પૂજાનું શું મહત્વ રહેલું તેનું સચોટ જ્ઞાન પૂરું પાડયું. ત્યારબાદ સૌ નિયામકશ્રીઓએ તેમજ અધ્યાપક્શ્રીઓએ ઉત્સાહપૂર્વક સરસ્વતી દેવીજીનું પૂજન કર્યું.

કાર્યક્રમમાં ડૉ. રીના વૈષ્ણવ (આસિસ્ટન્ટ પ્રોફેસર – અંગેજી) સહભાગી થયેલ દરેક સભ્યોને આનંદ અને ઉત્સાહપૂર્વક આવકાર્યા હતાં. ત્યારબાદ શ્રી અખિલેશ ઉપાધ્યાયજીએ (આસિસ્ટન્ટ પ્રોફેસર- જર્નાલિઝમ) સરસ્વતી દેવીજીની વંદના કરેલ તથા પ્રો.(ડૉ.) અજીતસિંહ રાણા સરે વસંતપંચમી અને સરસ્વતીજી વિશે વાત કરી. યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય, નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓનું આભાર વ્યક્ત કરી આ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો સંપૂર્ણ સંચાલન ડૉ. રીના વૈષ્ણવ  (આસિસ્ટન્ટ પ્રોફેસર – અંગ્રેજી) અને શ્રી વિક્રમ સૂર્યવંશી (આસિસ્ટન્ટ પ્રોફેસર- રાજયશાસ્ત્ર) દ્વારા કરવામાં આવી હતી.

આવા કાર્યક્રમના માર્ગદર્શન અને મંજૂરી આપવા બદલ અમે સૌ માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.







